## ગિરીરાજની આગોતરા જામીન અરજી ફગાવાઈ


બોકારો,તા. ૨૮

ઝારખંડની સ્થાનિક અદાલતે ભાજપના વરિષ્ઠ નેતા ગિરીરાજ સિંહને કોઈપણ રાહત આપવાનો ઈન્કાર કરી દીધો છે. ૧૦ દિવસ અગાઉ કરવામાં આવેલા ઉશ્કેરણીજનક ભાષણના સંબંધમાં તેમની સામે જારી કરવામાં આવેલા બિનજામીનપાત્ર ધરપકડ વોરંટને લઈને ગિરીરાજ મુશ્કેલીમાં છે. તેમની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. એડિશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન જજ બિપિન બિહારીએ ગિરીરાજની અરજીને ફગાવી દીધી હતી. અગાઉ ૨૩મી એપ્રિલના દિવસે સબ ડિવિઝનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અમિત શેખર દ્વારા બિહારના ભૂતપૂર્વ પ્રધાન સામે વોરંટ જારી કર્યું હતું. આ વોરંટ ૨૧મી એપ્રિલના દિવસે સિંહ સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના સંબંધમાં જારી કરાયું હતું. ગિરીરાજે ૧૮મી એપ્રિલના દિવસે હરલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ચૂંટણી સભામાં કહ્યું હતું કે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનો વિરોધ કરનાર લોકોને પાકિસ્તાનમાં જગ્યા શોધી લેવી પડશે. અન્ય એફઆઈઆર પણ હાલમાં દિયોગઢમાં દાખલ કરવામાં આવી હતી. ૨૫મી એપ્રિલના દિવસે પટણા જિલ્લા અને સેશન જજ દ્વારા તેમને આગોતરા જામીન મળી ગયા હતા.

# આગામી મતદાનના તબક્કા માટે પ્રચારનો અંત

નવીદિલ્હી,તા. ૨૮


ગુજરાતની ૨૬ લોકસભાની બેઠક સહિત સાતમાં તબક્કામાં કુલ ૮૯ બેઠક માટે મતદાન યોજાનાર છે જેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. સાતમાં તબક્કામાં આંધ્રપ્રદેશની ૧૭, બિહારની સાત, જમ્મુ કાશ્મીર એક, પંજાબમાં ૧૩, ઉત્તરપ્રદેશમાં ૧૪, પશ્ચિમ બંગાળમાં નવ, દાદરા અને નગરહવેલીમાં એક એમ કુલ ૮૯ બેઠકો માટે મતદાન યોજાનાર છે. ચૂંટણી પંચે પ્રચારનો અંત આવ્યા બાદ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા તમામ પગલા લીધા હતા. નવ તબક્કામાં યોજાનાર ચૂંટણીમાં આને ચોથા સૌથી મોટા તબક્કા તરીકે ગણવામાં આવે છે. પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, પંજાબ અને ગુજરાતની બેઠકો સામેલ હોવાથી ચૂંટણીને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંસદીય ચૂંટણી ઉપરાંત ગુજરાત, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં ૧૩૦ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી પણ યોજાનાર છે. અનેક મોટા માથાઓના ભાવિનો ફેંસલો થનાર છે. ચૂંટણીને લઈને ભારે ઉત્સુકતા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની રાયબરેલી બેઠકમાં પણ આજ દિવસે મતદાન યોજાનાર છે. ઉપરાંત ઝાંસીમાં ઉમા ભારતી ચૂંટણી મેદાનમાં છે.



# અબ્દુલ્લા કાશ્મીરમાં રાજનીતિ રમી રહ્યા છે : મોદી

નવીદિલ્હી, તા. ૨૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્રીય પ્રધાન ફારૂક અબ્દુલ્લાની જોરદાર ઝાટકણી કાઢી હતી. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી માટે મત આપનાર લોકોએ દરિયામાં ડુબી જવું જોઈએ તેવા ફારૂકના નિવેદન સંદર્ભે મોદીએ કહ્યું હતું કે, ભારતમાં બિનસાંપ્રદાયિકવાદને સૌથી મોટો ફટકો જમ્મુ કાશ્મીરમાં પડ્યો છે. કાશ્મીરમાંથી મોટી સંખ્યામાં કાશ્મીરી પંડિતોની હકાલપટ્ટી કરવામાં આવી છે. તેમના ધર્મના કારણે તેમને બહાર કાઢી મુકવામાં આવ્યા છે. અબ્દુલ્લાની ઝાટકણી કાઢવા મુખ્યમંત્રીની ઓફિસ દ્વારા જારી કરવામાં આવેલા વિડિયો સંદેશાનો ઉપયોગ કરીને મોદીએ કહ્યું છે કે, કેન્દ્રીય પ્રધાનને કોમવાદ સામે વાત કરવાનો કોઈપણ નૈતિક અધિકાર નથી. કારણ કે તેમના પિતા શૈખ અબ્દુલ્લા, તેઓ પોતે અને તેમના પુત્ર થતા જમ્મુ કાશ્મીરના





મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાની નીતિઓના લીધે જમ્મુ કાશ્મીરમાં કોમવાદની સ્થિતિ સર્જાઈ છે. રાજ્યની રાજનીતિને તેમના કારણે જ કોમવાદી રંગ અપાયો છે. જો કોઈ વ્યક્તિ ડુબવાની વાત કરે છે તો સૌથી પહેલા આ પરિવારે જ તેમનો ચહેરો કાંચમાં જોઈ લેવો જોઈએ. કાંચની સમક્ષ ફારૂક અબ્દુલ્લાના ચહેરાને મુકીને પ્રશ્ન પુછી શકાય છે. કઠોર શબ્દો વાળા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ભારતની જુની પરંપરા બિનસાંપ્રદાયિકવાદની રહી છે. ઉંચા મૂલ્ય ભારત માટે શ્રેષ્ઠ રાજનીતિ છે. તમામને સાથે લઈને વિકાસ કરવામાં તેઓ માને છે. સીએમ ઓફિસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં હજારો વર્ષની બિનસાંપ્રદાયિકવાદની જૂની પરંપરાના કારણે કાશ્મીરને પણ ફટકો પડ્યો છે. કાશ્મીર ભારતની એકમાત્ર જગ્યા છે જ્યાંથી પંડિતોને કાઢી મુકવામાં આવ્યા છે. કાશ્મીર સુખી પરંપરાની જમીન હતી. આને સ્વાર્થી હિતોના કારણે કોમવાદી રંગ આપવામાં આવ્યો હતો.

## મમતા અંગે નિવેદન બદલ માફીની ટીએમસીની માંગ

કોલકાતા,તા. ૨૮

તૃણમુલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે પણ ખેંચતાણ વધુ તીવ્ર બની છે. નરેન્દ્ર મોદી ઉપર તીવ્ર વળતા પ્રહાર કરતા તૃણમુલ કોંગ્રેસે જાહેરમાં માફી માંગવા નરેન્દ્ર મોદીને કહ્યું છે. મમતા બેનરજીનું કેન્ટિંગ ૧.૮ કરોડ રૂપિયામાં વેચાયું હતું તેવા નિવેદનને સાબિત કરવા અથવા તો માફી માંગવા મોદીને કહેવામાં આવ્યું છે. માફી નહીં માંગવાની સ્થિતિમાં બદનક્ષીનો કેસ કરવાની ધમકી આપવામાં આવી છે. પત્રકાર પરિષદમાં મમતા બેનરજીના નજીકના સાથી અને પક્ષના વરિષ્ઠ નેતા મુકુલ રોયે મોદીને એક જીદ્દી વ્યક્તિ ગણાવીને કહ્યું હતું કે, તેઓ હવે અંગત પ્રહારો ઉપર ઉતરી આવ્યા છે. મમતા બેનરજીએ ૧.૮ કરોડ રૂપિયામાં પોતાના પેન્ટિંગને વેચી દીધું અને નાણા લઈ લીધા છે. મોદીએ આ પ્રકારના આક્ષેપ માટે પુરાવા રજૂ કરવા જોઈએ અથવા તો બદનક્ષીનો સામનો કરવો જોઈએ. રોયે કહ્યું હતું કે, મોદીના આવા પ્રકારના વલણથી અમને હતાશા હાથ લાગી છે. પક્ષના અન્ય એક નેતા સોમેન મિત્રાએ કહ્યું છે કે, મોદીના હાથ ઘણાના રક્તથી રંગાયેલા છે.

## નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળમાં ભાજપને મોટી સફળતા અપાવી શકે

કોલકાતા,તા. ૨૮

પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીના ગઢમાં ગાબડા પાડવા માટે મોદીએ કમરકસી લીધી છે. ૧૦મી મેના દિવસે યોજાનાર ચૂંટણીના સંદર્ભમાં પ્રચાર માટે મોદી આક્રમક બનેલા છે. નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળમાં છઠ્ઠી વખત પ્રવાસ કરી રહ્યા છે. ભાજપને આશા છે કે, નરેન્દ્ર મોદીની લહેરના કારણે બંગાળમાં પણ ભાજપને ફાયદો થશે. ઘણા બધા પરિબળો આના માટે જવાબદાર દેખાઈ રહ્યા છે. તમામ જગ્યાઓએ મોદીની અસર જોવા મળી શકે છે. પશ્ચિમ બંગાળમાં ભાજપની હાજરી હંમેશા ઓછી હોય છે. કોઈપણ ચૂંટણીમાં ભાજપને પાંચ-૬ ટકાથી વધુ મત મળ્યા નથી. મમતા બેનરજીના તૃણમુલ કોંગ્રેસ સાથે ગઠબંધનના ૧૯૯૯માં લોકસભાની ચૂંટણી લડવામાં આવી હતી તે વખતે બે સંસદીય બેઠક પર જીત થઈ હતી. ત્યારબાદથી કોઈપણ સફળતા હાથ લાગી નથી. પક્ષની મત હિસ્સેદારી ૧૯૯૧ની ચૂંટણીમાં ૧૨ ટકાની આસપાસ પહોંચી હતી તે વખતે અયોધ્યા ચળવળ અને અડવાણીની રથયાત્રા નીકળી હતી. બંગાળમાં મોદીને લઈને આ વખતે નવી આશા જાગી છે. ટીએમસી, ડાબેરીઓ અને કોંગ્રેસ વચ્ચે બંગાળમાં હંમેશા મુખ્ય સ્પર્ધા રહી છે. તૃણમુલ અને કોંગ્રેસ તેમજ ડાબેરીઓ મુખ્ય રીતે આમને સામને રહ્યા છે પરંતુ આ વખતે ભાજપે પણ આક્રમક દેખાવ કરવા નવી રણનીતિ અપનાવી છે. મમતા બેનરજીએ આ વખતે રાજ્યમાં તમામ ૪૨ બેઠકો ઉપર પોતાના ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસ અથવા અન્ય પક્ષો સાથે ગઠબંધન કરવાની જુની પરંપરા મમતાએ તોડી દીધી છે. નરેન્દ્ર મોદીએ શરૂઆતમાં મમતાની ટિકા કરી ન હતી પરંતુ મમતાએ આક્ષેપોનો મારો જારી રાખતા હવે મોદીએ પણ વળતા પ્રહારો શરૂ કર્યા છે. ઘણી જગ્યાએ ભાજપ આ વખતે મમતાને નુકસાન પહોંચાડી શકે છે. નરેન્દ્ર મોદીની અસર આ વખતે પશ્ચિમ બંગાળમાં દેખાઈ રહી છે જેનો સીધો ફાયદો ભાજપને મળી શકે છે.

## નબળા મોનસુનથી માર્કેટ મુડ નહી બગડે : હેવાલમાં દાવો

મુંબઈ,તા. ૨૮

કેન્દ્રમાં સ્થિર સરકાર અને આર્થિક સુધારાને આગળ વધારનાર સરકાર બનવાની આશા વચ્ચે હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી આગાહીના કારણે આર્થિક નિષ્ણાંતોમાં ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. નબળા મોનસુનના કારણે માર્કેટના મુડ પર નકારાત્મક અસર થશે કે કેમ તેને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. હાલાં શેરબજારમાં નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે. પરંતુ હવે મોનસુન નબળા રહેવાની વાત કરવામાં આવ્યા બાદ તેની માઠી અસર થઈ રહી છે કે કેમ તેને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. ભારતીય હવામાન વિભાગે ગુરૂવારે કહ્યુંહતું કે જુનથી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં મોનસુન સિઝનમાં વરસાદ સામાન્ય કરતા ઓછો થઈ શકે છે. આના કારણે મોંઘવારીમાં તીવ્ર વધારો થઈ શકે છે. સાથે સાથે આર્થિક રિકવરીની આશા પર પાણી ફરી જાય તેવી શક્યતા છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે અલ નીન્યોના આગમનની પણ ૬૦ ટકા તક છે. અલ નિન્યોના સક્રિય થવાની સ્થિતીમાં વરસાદ ઓછો થઈ જાય છે. અલબત્ત ખરાબ મોનસુનની શેરબજારમાં વર્ષ ૨૦૦૧ બાદથી કોઈ ખરાબ અસર થઈ નથી. છેલ્લા ૧૨ વર્ષમાં સાત વખત મોનસુનમાં વરસાદ સામાન્ય કરતા પાંચ ટકા અથવા તો તેનાથી વધારે ટકા ઓછો રહ્યો છે. આમાંથી માત્ર ત્રણ વખત જુલાઈ-સેપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં માર્કેટમાં ઘટાડો થયો છે. બીજી બાજુ ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં માર્કેટ પર માત્ર બે વખત માઠી અસર થઈ છે. વર્ષ ૨૦૦૨માં મોનસુનમાં વરસાદ સામાન્ય કરતા ૨૦ ટકા ઓછો રહ્યો હતો. એ વર્ષે જુલાઈ-સપ્ટેમ્બર વચ્ચે સેન્સેક્સમાં નવ ટકાનો ઘટાડો થયો હતો. અલબત્ત ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે તેમાં ૧૨ ટકાની ફરી રિક્વરી થઈ હતી. વર્ષ ૨૦૦૯માં દુષ્કાળની સ્થિતી સર્જાઈ હતી. એ વર્ષે મોનસુન વરસાદ સામાન્ય કરતા ૧૯ ટકા ઓછો રહ્યો હતો. પરંતુ સેન્સેક્સ જુલાઈ-સેપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ૧૭ ટકા વધી ગયો હતો.

## ત્રાસવાદી સંગઠન આઈએમના ભાગલા થઈ ગયા છે : તહેસીન

નવી દિલ્હી,તા. ૨૮

ભારતમાં અનેક ત્રાસવાદી હુમલાને અંજામ આપી રક્તપાત સર્જનાર ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુજાહીદીન પણ હવે બે ભાગમાં વિભાજિત છે. આ સંગઠનના બે સિનિયર લીડરો આ ગ્રુપને બે જુદી જુદી રીતે ચલાવી રહ્યા છે. બે સિનિયર લીડરો અહેમદ ઝરાર ઉર્ફે યાસીન ભટ્ટકલ અને મોહમ્મદ કાતિલ સિદ્ધીકી સંગઠનને સમાંતર રીતે ચલાવી રહ્યા છે. આ બે સિનિયર લીડરો વચ્ચે વૈચારિક અને ઓપરેસનલ મતભેદો ઉભા થઈ ગયા છે. જેથી આ સંગઠનને જુદી જુદી રીતે ચલાવવામાં આવે છે. ઈન્ડિયન મુજાહીદીનના એકિંટગ ચીફ અને હાલમાં ઝડપાઈ ગયેલા ખતરનાક તહેસીન અખ્તર ઉર્ફે મોનુએ પુછપરછ કરી રહેલા તપાસ અધિકારીઓ સમક્ષ કેટલીક ચોંકાવનારી કબુલાત કરી છે. આઠમી જુન ૨૦૧૨ના દિવસે પુણેની યરવાડા જેલમાં માર્યા ગયેલા કાતિલે મુખ્ય લીડરશીપના કેટલાક સભ્યોને પાંછા પણ ખેંચી લીધા હતા. રિયાઝ ભટ્ટકલ અને યાસીન ભટકલના નેતૃત્વમાં રહેલા મુખ્ય સંગઠનમાંથી કેટલાક લીડરોને ખેંચી લેવામા આવ્યા બાદ તેને ફટકો પડયો હતો.

## ઉત્તરપ્રદેશમાં દહેરાદૂન એક્સપ્રેસ ટ્રેન ખડી પડી

નવી દિલ્હી,તા. ૨૮

ઉત્તરપ્રદેશમાં આંબેડકરનગર નજીક ઝફરગંજ સ્ટેશન પાસે હાવડા-દેહરાદૂન એક્સપ્રેસના આઠ ડબ્બા પાટા ઉપરથી ખડી પડતા ખળભળાટ મચી ગયો હતો. જો કે, સદનસીબે આ બનાવના લીધે કોઈ ખુવારી થઈ ન હતી. માત્ર ચાર યાત્રીઓને નાની-મોટી ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, બનાવની જાણ થયા બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે તરત જ હાથ ધરવામાં આવી હતી. વધુ ટ્રેનો અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે મોકલવામાં આવી હતી. આ બનાવના કારણે સમગ્ર રુટ ઉપર ટ્રાફિકને અસર થઈ હતી. કેટલીક ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તમામની હાલત સારી હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતના કારણને જાણવા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. વરિષ્ઠ રેલવે અધિકારીઓ સંબંધિત અધિકારીઓ પાસેથી વધુ માહિતી એકત્રિત કરી રહ્યા છે. હાલના સમયમાં રેલવે અકસ્માતોમાં વધારો થયો છે.

## યોગગુરૂ બાબા રામદેવ સામે હવે વધુ એક એફઆઈઆર

પટણા,તા. ૨૮

બિહારના પ્રધાન અને જેડીયુના નેતા શ્યામ રજકે કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધી સામે ઉકેરણીજનક સૂચન કરવા બદલ યોગગુરૂ બાબા રામદેવ સામે એફઆઈઆર દાખલ કરી છે. રામદેવ સામે એફઆઈઆર અને ફરિયાદનો મામલો આગળ વધી રહ્યો છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ રમાકાંત યાદવની કોર્ટમાં આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ મામલામાં વધુ સુનાવણી આવતીકાલે હાથ ધરવામાં આવશે. રજકે પોતાની અરજીમાં જણાવ્યું છે કે, રાહુલ ગાંધી સામે ખુબ જ અશ્લિલ સૂચનો કરવામાં આવ્યા છે. રાહુલ ગાંધી હનીમૂન માટે દલિતોના ઘરમાં જાય છે. આ નિવેદન સમગ્ર દલિત સમાજ માટે અપમાનજનક છે. આઈપીસી હેઠળ રામદેવ સામે કાર્યવાહી થવી જોઈએ. મહિલા સમાજનું આ અપમાન છે. લોકપ્રતિનિધિત્વ ધારાની કલમો હેઠળ રામદેવ સામે કાર્યવાહી થવી જોઈએ.

# લાલ કિલ્લા હૂમલાના અપરાધીની ફાંસીની સજા પર અંતે સ્ટે મુકાયો

નવી દિલ્હી,તા. ૨૮

વર્ષ ૨૦૦૦માં ઐતિહાસિક લાલ કિલ્લા પર કરવામાં આવેલા ત્રાસવાદી હુમલાના માસ્ટર માઈન્ડ અને ખતરનાક ત્રાસવાદી મોહમ્મદ આરિફની ફાંસીની સજા પર સુપ્રીમ કોર્ટે આજે સ્ટે મુકી દીધો હતો. સુપ્રીમ જસ્ટીસ વીસ સિરપુરકર અને જસ્ટીસ ટીસ ઠાકુરની બેંચે દલીલો સાંભળ્યા બાદ આ ચુકાદો આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૦૦માં લાલ કિલ્લા પર હુમલો કરીને ત્રાસવાદીઓએ ભારે આતંક મચાવ્યો હતો. લશ્કરી છાવણી પર ગોળીબાર



પણ કરવામાં આવ્યો હતો. જેમાં સેનાના ત્રણ જવાનોના મોત થયા હતા. આરિફને હત્યા અને ભારત સરકારની સામે યુદ્ધ છેડવાના મામલે દોષિત જાહેર કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આરિફ ઉર્ફે અશફાકની અરજી પર અગાઉ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. આજે સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો આપ્યો હતો અને ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના આરિફની અરજી પર ચુકાદો આપ્યો હતો. અરજીમાં અશફાકે ૨૨મી ડિસેમ્બર ૨૦૦૦ના દિવસે કરવામાં આવેલા ભીષણ હુમલાના સંબંધમાં તેને ફટકારવામાં આવેલી સજાને પડકાર ફેંકીને કેટલીક દલીલો કરી હતી. કોર્ટે એવા આધાર પર આરિફની મૃત્યુદંડની સજા ઉપર સ્ટે મુકી દીધો છે કે, તે આશરે ૧૪ વર્ષની આજીવન કારાવાસની સજા ગાળી ચુક્યો છે. વકીલ ત્રિપુરારી રાયે કહ્યું છે કે, ૧૩ વર્ષ અને ચાર મહિનાની સજા આરિફ ગાળી ચુક્યો છે જેથી બંધારણના આદેશના ભંગ સમાન છે. ચીફ જસ્ટિસ આરએમ લોધા, જસ્ટિસ મદન બી લાકુર અને જસ્ટિસ કુરિયન જોસેફની બનેલી બેંચે બંધારણીય બેંચને આ મામલો સોંપી દીધો હતો. કોર્ટે કહ્યું હતું કે, આ મામલો વહેલીતકે સુનાવણી માટે આવવાની જરૂર હતી. ચીફ જસ્ટિસ લોધાએ કહ્યુંછે કે, સુપ્રીમ કોર્ટના વહેલા ચુકાદાથી ફાયદો થયો હોય. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૫મી ડિસેમ્બર ૨૦૦૦ના દિવસે આરિફની ધરપકડ કરી લેવામાં આવી હતી. ૨૪મી ઓક્ટોબર ૨૦૦૫ના દિવસે ટ્રાયલ કોર્ટ દ્વારા તેને અપરાધી ઠેરાવવામાં આવ્યો હતો. ૩૧મી ઓક્ટોબર ૨૦૦૫ના દિવસે તેને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી. તેની મૃત્યુદંડની સજાને ૧૩મી સપ્ટેમ્બર ૨૦૦૭ના દિવસે દિલ્હી હાઈકોર્ટ દ્વારા યોગ્ય ઠેરાવવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ૧૦મી ઓગસ્ટ ૨૦૧૧ના દિવસે તેમની અરજીને ફગાવી દીધી હતી અને ૨૮મી ઓગસ્ટ ૨૦૧૧ના દિવસે આ અરજી પણ ફગાવાઈ હતી.

## દેશમાં ૬૦૦૦૦ કરોડની કિંમતનું સોનું ઘુસાડાયું છે

નવી દિલ્હી,તા. ૨૮

ભારતમાં સોનાની દાણચોરીમાં ચિંતાજનકરીતે વધારો થયો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના અંદાજને માનવામાં આવે તો નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ભારતમાં ૨૦૦ ટનની આસપાસનો સોનાની દાણચોરીનો જથ્થો પહોંચ્યો છે. આની કિંમત ૬૦૦૦૦ કરોડની આસપાસની છે. જો કે, ભારતીય સંસ્થાઓ દ્વારા આ દાવાને રદિયો આપવામાં આવ્યો છે. આયાત ઉપર ૧૦ ટકાની ડ્યુટીના પરિણામ સ્વરુપે સોનાની દાણચોરી વધી છે. ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલીજન્સ દ્વારા ૪૦ કેસોમાં ૪૪.૮૦ કરોડની સરખામણીમાં દાણચોરીના ૧૪૮ કેસમાં ૨૪૫.૯૨ કરોડની કિંમતનો સોનાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં ૩૦ની સામે આ નાણાંકીય વર્ષમાં સોનાની દાણચોરી વગર ડીઆરઆઈ દ્વારા ૨૬૩ લોકોની ધરપકડ કરાઈ છે. સોનાની આયાત ૨૦૦૯ બાદથી વેપાર ખાદ્યમાં ૩૦ ટકાની ભૂમિકા ભજવી ચુક્યો છે.

## સમાચાર ઝલક

- અમેરિકામાં અનેક જગ્યાએ ચક્રવાત જેવા વાવાઝોડાથી એક વિસ્તારોમાં જાનહાનિ સર્જાઇ.
- દિલ્હી ગેંગરેપ કેસની સજા અંગેની મુદ્દત જુલાઇ માસમાં પડી.
- ગાઝીયાબાદમાં ૪૦૦ ઝુંપડા આગમાં ભસ્મીભૂત થયાં.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીજી વખત પેપર ફુટ્યું, વોટ્સ અપ પર નકલ ફરતી થઇ.
- યોગ શિબિરો બીન રાજકીય હોય છે : બાબા રામદેવ.
- બિહારનાં ભાજપનાં નેતા ગિરીરાજસિંહના આગોતરા જામીન અરજી ફગાવતી કોર્ટ.
- અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવના હેલીકોપ્ટરમાં ખરાબી આવતા અદ્ભૂત બચાવ થયો.
- નકલસવાદીઓએ વધુ જગ્યાએ તોફાન કરવાનો લક્ષ્યાંક બનાવ્યો.
- શત્રુઘ્ન સિંહાને લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ એનાયત કરાયો.
- અમેઠી, લખનૌ, હિમાચલ પ્રદેશમાં બાબા રામદેવના યોગ કાર્યક્રમો પર ચૂંટણીપંચનો પ્રતિબંધ.
- ગુજરાતમાં આગ ઝરતી ગરમીએ ૪૩ પારો વટાવી દીધો.
- આઇ.પી.એસ. વણઝારાની જામીન અરજી તા.૧૩મી મે એ સુનાવણી.
- ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે તમામ રાજકીય પક્ષોએ ઝંઝાવાતી પ્રચાર કર્યો.
- દેશમાં ૨૦૧૩-૧૪માં વિદેશી રોકાણ ૧૨ ટકાથી વધારે વધ્યું.
- મલેશિયાને ગુમ થયેલું વિમાન શોધવામાં સંપૂર્ણ સહકાર આપતું અમેરિકા.
- મુંબઇમાં ગુજરાતી મહિલાની છેડતી બાબતે નૌકાદળના પાંચ જવાનોની ધરપકડ કરાઇ.
- સોની બજાર ચૂંટણીના દિવસે અડધો દિવસ મતદાન કરવા બંધ રહેશે.

# પ્રિયંકાએ લોકશાહી પ્રક્રિયાને અપમાનિત કરી છે : જેટલી

નવીદિલ્હી, તા. ૨૮

ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, પ્રિયંકા વાઢેરા અશોભનીય ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. વાઢેરા પરિવારને કાયદાથી સાવધાન રહેવાની જરૂર છે. ભાજપના નેતાઓની સરખામણી ભયભીત થયેલા ઉંદરો સાથે કરવા બદલ પ્રિયંકા ઉપર પ્રહાર કરતા અરુણ જેટલીએ કહ્યું હતું કે, પ્રિયંકાએ રાજકીય રૂપરેખાઓને અપમાનિત કરી છે. તેમની ટિપ્પણી દ્વારા રાજકીય ગતિવિધિનું સન્માન વાઢેરાએ ઘટાડ્યું છે. ભાજપના નેતાએ પોતાના બ્લોગમાં આ મુજબની વાત કરી હતી. પ્રિયંકાએ હાલમાં જ કહ્યું હતું કે, ભાજપના નેતાઓની હાલત ચારેબાજુ ફરી રહેલા ઉંદરો જેવી થઈ છે. જેટલીનું કહેવું છે કે, વાઢેરાને કાયદાથી સાવધાન રહેવાની જરૂર છે. ગાંધી પરિવારના સભ્યો કાયદાથી ઉપર જઈને વાત કરી રહ્યા છે. ભાજપના નેતાઓ અને પ્રિયંકા વચ્ચે શાબ્દિક યુદ્ધની શરૂઆત ગઈકાલે થઈ હતી તે વખતે પ્રિયંકાએ વિરોધપક્ષ ભાજપના નેતાઓની સરખામણી ભયભીત થયેલા ઉંદરો સાથે કરી હતી. તેમના પતિ રોબર્ટ વાઢેરાને આવરી લેતી જમીન સોદાબાજીને રજૂ કરતી ભાજપે વિડિયો ટેપ જારી કર્યા બાદ કોંગ્રેસે પણ વળતા પ્રહાર કર્યા હતા. જેટલીએ કહ્યું છે કે, ઉમેદવારના પરિવારના સભ્યો ચૂંટણીમાં મદદરુપ થવા માટે બંધાયેલા છે પરંતુ ખુબ જ સાવધાનીપૂર્વકના નિવેદન કરવામાં આવે તે જરૂરી છે. ગાંધી પરિવારના સભ્યો ચૂંટણી પ્રચારમાં અને ચૂંટણી ઓફિસમાં ઝેરી પ્રવાહ ફેલાવી રહ્યા છે. રાજકીય વર્કરોને બિનજરુરીરીતે મુશ્કેલીમાં મુકી રહ્યા છે. અરુણ જેટલીના નિવેદન બાદ એમ માનવામાં આવે છે કે, કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ખેંચતાણ વધી વધશે અને આગામી દિવસોમાં આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર આગળ વધશે.

## સેંસેક્સ ૫૬ પોઈન્ટ ઘટીને ૨૨૬૩૧ની સપાટી ઉપર

મુંબઈ, તા. ૨૮

શેરબજારમાં આજે પણ મંદીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ એફઆઈઆઈ દ્વારા વેચવાલી વચ્ચે ૫૬ પોઈન્ટ ઘટીને બંધ રહેતા તેની સપાટી ૨૨૬૩૧ નોંધાઈ હતી. ઓટો અને હેવી મશીનરીના સેક્ટરમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. યુક્રેનને લઈને ઉભી થયેલી નવી તંગદિલીના પરિણામ સ્વરુપે વૈશ્વિક બજારમાં મંદીનું મોજુ ફરી વળ્યું હતું. સેંસેક્સ ૨૨૬૩૨ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સ એક વખતે ૨૨૯૩૯ની સપાટી મેળવી હતી. નેશનલ સ્ટોક એક્સચેંજમાં નિફ્ટીમાં ૨૨ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૬૭૬૧ નોંધાઈ હતી. બ્રોકરોનું કહેવું છે કે, મૂડીરોકાણકારો હાલમાં પ્રોફિટ બુક કરવામાં લાગેલા છે. જુદા જુદા નબળા પરિબળોની અસર પણ જોવા મળી રહી છે. એશિયા અને યુરોપિયન બજારમાં નબળા પ્રવાહની અસર રહી હતી. આજે કારોબાર દરમિયાન સેંસેક્સના ૩૦ શેર પૈકી ૨૨માં મંદી રહી હતી જેમાં બજાજ ઓટો, ગેઈલ, હિરો મોટો, લાર્સન એન્ડ ટુબ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ સુઝુકી, તાતા મોટર્સ, ટીસીએસનો સમાવેશ થાય છે. કેપિટલ ગુડ્ઝ સેક્ટર ઈન્ડેક્સમાં ૧.૦૧ ટકાનો ઘટાડો રહ્યો હતો.